PRGI No. GUJGUJ/2016/70752



# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 193
Dt.: 19-05-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa

### ત્રીજા ભારત-નોર્ડિક શિખર સંમેલનમાં લેશે ભાગ

# PM મોદી પહોંચ્યા નોર્વે; વડાપ્રધાન જોનાસ ગાહરે કર્યું ખાસ સ્વાગત

## ભારતીય સમુદાયે કર્યું ભવ્ય સ્વાગતઃ નોર્વેમાં પીએમ મોદી પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી શકે



(સંપૂર્ણ સમાચાર સેવા)નોર્વે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુરોપના ચાર દેશોના પ્રવાસ પર છે. સોમવારે (૧૮ મે) તેઓ સ્વીડનથી નોર્વે પહોંચ્યા છે. ઓસ્લો હવાઈ મથક પર નોર્વેના પ્રધાનમંત્રી જોનાસ ગાહર સ્ટોરે તેમનું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાન મોદીનો આ પહેલો નોર્વે પ્રવાસ છે. સાથે જ, આ ૪૩ વર્ષમાં કોઈ ભારતીય વડાપ્રધાનનો પણ નોર્વેનો પહેલો પ્રવાસ છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટમાં કહ્યું છે કે, મને વિશ્વાસ છે કે આ યાત્રા ભારત-નોર્વેની મિત્રતામાં નવો જોશ ભરશે. ઓસ્લોમાં જે હોટલમાં વડાપ્રધાન મોદી રોકાયા છે, ત્યાં ભારતીય સમુદાયના લોકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

આ દરમિયાન ભારતીય મૂળના લોકોએ સંગીત અને સાંસ્કૃતિક નૃત્ય પ્રસ્તુત કરી ભારતીય પરંપરાની ઝલક બતાવી હતી. વડાપ્રધાને પણ ત્યાં હાજર લોકોનું અભિવાદન સ્વીકાર્યું અને તેમની સાથે મુલાકાત કરી હતી.

પોતાની બે દિવસીય નોર્વે યાત્રા દરમિયાન વડાપ્રધાન મોદી નોર્વેના સમ્રાટ હેરાલ્ડ પંચમ અને સામ્રાજ્ઞી સોનજા સાથે મુલાકાત કરશે. આ સિવાય તેઓ પ્રધાનમંત્રી જોનાસ ગાહર સ્ટોર સાથે દ્વિપક્ષીય વાર્તાલાપ પણ કરશે. બંને નેતાઓ વેપાર, રોકાણ, ટેકનોલોજી અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને દેશો વચ્ચેના સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે અને આર્થિક સહયોગને વધુ મજબૂત કરવાના ઉપાયો પર પણ વાતચીત થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે (૧૯ મે) ઓસ્લોમાં આયોજિત ત્રીજા ભારત-નોર્ડિક શિખર સંમેલનમાં ભાગ લેશે. તેમણે કહ્યું કે, આ નોર્ડિક દેશોના નેતાઓ સાથે મુલાકાતની એક મહત્વપૂર્ણ તક હશે. આ સંમેલનમાં નોર્વે, ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ અને સ્વીડનના પ્રધાનમંત્રી પણ સામેલ થશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, આ સંમેલન એપ્રિલ ૨૦૧૮માં સ્ટોકહોમ અને મે ૨૦૨૨માં કોપનહેગનમાં આયોજિત પાછલા સંમેલનોની કડીને આગળ વધારશે અને ભારત-નોર્ડિક સંબંધોને નવી વ્યૂહાત્મક દિશા આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી નોર્વેના પ્રધાનમંત્રી સાથે ભારત-નોર્વે વેપાર અને સંશોધન સંમેલનને પણ સંબોધિત કરશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, આ યાત્રા બંને દેશો વચ્ચેના વ્યાપારિક સંબંધોને નવી ગતિ આપવાની તક આપશે. વર્ષ ૨૦૨૪માં ભારત અને નોર્વે વચ્ચે દ્વિપક્ષીય વેપાર લગભગ ૨.૭૩ અબજ ડોલર સુધી પહોંચી ચૂક્યો છે.

### સરકારે કર્યો મોટો ખુલાસો

# દેશના હિત અને વ્યાપારી ધોરણોને ધ્યાનમાં રાખીને રશિયા પાસેથી તેલની ખરીદી ચાલુ જ રહેશે

## પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે ક્રૂડ ઓઈલની ખરીદી માત્ર દેશના વ્યાપારી હિતોના આધારે જ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિશ્વભરમાં, ખાસ કરીને મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને અમેરિકાના પ્રતિબંધો વચ્ચે એક મોટો સવાલ એ હતો કે શું ભારત હવે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદશે? આ સવાલનો જવાબ હવે ભારત સરકારે આપી દીધો છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશના હિત અને વ્યાપારી ધોરણોને ધ્યાનમાં રાખીને રશિયા પાસેથી તેલની ખરીદી ચાલુ જ રહેશે. આ સાથે જ સરકારે દેશમાં તેલના પૂરતા ભંડાર હોવાની ખાતરી પણ આપી છે, જેથી હાલમાં પેટ્રોલ-ડીઝલની અછતની કોઈ ચિંતા નથી. તમને જણાવી દઈએ કે, અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા તણાવને કારણે હોર્મુઝ સ્ટ્રેટ (દરિયાઈ માર્ગ) પાસેના વેપાર પર ભારે અસર પડી છે. આ ઉપરાંત અમેરિકાએ અમુક દેશો પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી પર કડક પ્રતિબંધો પણ લગાવ્યા છે. આ સ્થિતિમાં ભારત હવે પોતાની તેલની જરૂરિયાતો ક્યાંથી પૂરી કરશે તેની ચર્ચા તેજ બની હતી.

જોકે, તાજેતરમાં પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા યોજવામાં આવેલી એક પ્રેસ બ્રીફિંગમાં મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ આ અંગે મોટો ખુલાસો કર્યો છે.

અમેરિકાના પ્રતિબંધો વચ્ચે રશિયા પાસેથી તેલ ખરીદવા અંગે વાત કરતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "અમે રશિયા પાસેથી પહેલાં પણ તેલ ખરીદતા હતા, વચ્ચે પણ ખરીદ્યું છે અને હાલમાં પણ ખરીદી રહ્યા છીએ." સુજાતા શર્માએ વધુમાં સમજાવ્યું કે ક્યાંથી ક્રૂડ ઓઈલ ખરીદવું તેનો નિર્ણય સંપૂર્ણપણે આપણી વ્યાપારી જરૂરિયાતો અને સપ્લાયની સરળતા પર આધાર રાખે છે. તેમણે કહ્યું કે, "તેલની ખરીદી કરતી વખતે અમે સંપૂર્ણપણે એક વ્યાપારી સમજનો ઉપયોગ કરીએ છીએ, જે આપણે ધ્યાનમાં રાખવી જ જોઈએ." રાહતની વાત એ છે કે તેમણે લોકોને ખાતરી આપી છે કે હાલમાં દેશમાં તેલનો વિપુલ ભંડાર ઉપલબ્ધ છે અને કોઈ પણ પ્રકારની અછત નથી.

નોંધનીય છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થતી વધઘટની સીધી અસર ભારતમાં પણ જોવા મળી રહી છે. મધ્ય પૂર્વના તણાવને લીધે તાજેતરમાં જ દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૩ રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. આ ભાવવધારાએ મોંઘવારી વધારી છે અને સામાન્ય માણસના ખિસ્સા પર તેની ગંભીર અસર પડી છે. ભવિષ્યમાં પણ આંતરરાષ્ટ્રીય સ્થિતિને જોતા સરકારે ઈશારો કર્યો છે કે આવનારો સમય થોડો મુશ્કેલ હોઈ શકે છે. તેથી, બને ત્યાં સુધી લોકોને પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઓછો કરવાની સલાહ આપવામાં આવી છે.

### હરિદ્વારથી દિલ્હી ભાગે એ પહેલાં જ પોલીસે દબોચ્યો

# CM સુવેન્દુ અધિકારીના PAનો હત્યારો ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના નવનિર્વાચિત મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના PAના હત્યારાની ધરપકડ કરી લેવામાં આવી છે. CBI અને મુઝફ્ફરનગર પોલીસની સંયુક્ત ટીમે તેને પકડ્યો છે. આરોપી રાજકુમાર હરિદ્વારથી દિલ્હી ભાગી રહ્યો હતો. તે બલિયાનો રહેવાસી છે. છપાર ટોલ પ્લાઝા NH58 પરથી તેની ધરપકડ કરવામાં આવી છે. હત્યારો રાજકુમાર બલિયા જિલ્લાના રસડા રતોપુર સાંવરાનો રહેવાસી છે. PAની હત્યાના દિવસથી જ તેનો મોબાઈલ સ્વિચ ઓફ હતો. CBI અને બંગાળ પોલીસની સંયુક્ત ટીમ બલિયામાં હજુ પણ ઘણા શંકાસ્પદોની શોધમાં લાગેલી છે. આ પહેલા ઠાકુર રાજ સિંહની ધરપકડ થઈ ચૂકી છે. આ કેસમાં કોલકાતા પોલીસ ઉત્તર પ્રદેશથી ત્રણ શાર્પ શૂટરોની પહેલા જ ધરપકડ કરી ચૂકી છે. સુવેન્દુના પીએની હત્યા આ મહિનામાં ૬ મેના રોજ કોલકાતાથી ૭ કિલોમીટર દૂર દોહરિયા લેનમાં કરવામાં આવી હતી. બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપની પ્રચંડ જીતના બે દિવસ પછી થયેલા આ હત્યાકાંડથી સનસનાટી ફેલાઈ ગઈ હતી. પોલીસનું કહેવું હતું કે, રથની એસયુવીને તેમના ઘર પાસે એક સિલ્વર રંગની કારે રોકી, પરંતુ હુમલો બાઈક પર સવાર લોકોએ કર્યો હતો. રથને ખૂબ જ નજીકથી ગોળીઓ મારવામાં આવી હતી. આ પછી હુમલાખોરો કાર છોડીને બીજા વાહનોથી ફરાર થઈ ગયા હતા. બાદમાં હુમલાખોરોમાંથી ઘણાના તાર યુપી સાથે જોડાયેલા નીકળ્યા હતા. તપાસ એજન્સી એ જાણવા માટે મથી રહી છે કે, યુપી અને બિહારના આ બદમાશોને બંગાળમાં આશરો કોણે આપ્યો અને તેમને હત્યા માટે જરૂરી હથિયારો તેમજ સંસાધનો કોણે પૂરા પાડ્યા હતા. એજન્સી એ પણ વિગત મેળવી રહી છે કે આ 'કોન્ટ્રાક્ટ કિલિંગ' માટે કેટલા પૈસા આપવામાં આવ્યા હતા અને તે પૈસા કોના માધ્યમથી આ લોકો સુધી પહોંચ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે, જે રીતે રેકી કરીને પ્રોફેશનલ અંદાજમાં ગોળીઓ વરસાવવામાં આવી, તેનાથી સાફ છે કે હુમલાખોરોનું નેટવર્ક ઘણું મોટું છે.

# આંદામાન નિકોબારમાં ચોમાસાની ૬ દિવસ વહેલા એન્ટ્રી થઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના અનેક ભાગોમાં ગરમી તો એવી પડી રહી છે કે વાત ન પૂછો. જો કે લૂના થપેડા અને અંગ દઝાડતી ગરમીથી હેરાન પરેશાન થતા લોકો માટે એક સારા સમાચાર પણ આવ્યા છે. ગૂડ ન્યૂઝ એ છે કે ચોમાસું ઘણું વહેલું આવી ગયું છે. ૨૨ મેના સુધી આંદમાન અને નિકોબાર ટાપુઓ સુધી પહોંચનારું દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૧૬મી મેના રોજ જ ત્યાં પહોંચી ગયું. હવામાન વિભાગનું એવું અનુમાન છે કે તે ૨૬ મેના રોજ કેરળ પહોંચી શકે છે. સામાન્ય રીતે ૧ જૂન આસપાસ ચોમાસુ મેનલેન્ડમાં દસ્તક આપે છે અને રિમઝીમ વરસાદનો દોર શરૂ થાય છે. પરંતુ આ બધા વચ્ચે અરબ સાગરમાં એક એવી હલચલ થઈ રહી છે જે ચિંતાનો વિષય છે. સ્કાયમેટ હવામાન એજન્સીના મહેશ પલાવતે જણાવ્યું કે અરબ સાગરમાં એક એન્ટી સાયક્લોન બનેલું છે. જ્યાં સુધી આ વિપરિત ચક્રવાતી હવાઓનું ક્ષેત્ર બનેલું રહેશે અને ઉત્તર પશ્ચિમ દિશાથી વાયરા અરબ સાગરમાં આવતા રહેશે ત્યાં સુધી ચોમાસું કેરળમાં દસ્તક દઈ શકશે નહીં. હાલ પાકિસ્તાન અને પશ્ચિમી ઈરાન ઉપર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે. પવન હવે દિલ્હી, હરિયાણા, પશ્ચિમી યુપીમાં પશ્ચિમી દિશાથી આવવાનો શરૂ થઈ ગયો છે. આ પાકિસ્તાન તરફથી આવતો સૂકો પવન હોવાથી પૂર્વી યુપી અને બિહારમાં વરસાદની શક્યતા નથી. હવામાન વિભાગે ૨૬મેના રોજ ચોમાસું કેરળ પહોંચે તેવી આગાહી કરી છે. જેમાં ચાર દિવસ વહેલા કે ચાર દિવસ વિલંબ થઈ શકે છે. પલાવતનું અનુમાન કહે છે કે તેમાં ચાર દિવસનો વિલંબ થશે. ચોમાસુ હાલ આંદમાન સાગર સુધી પહોંચી ચૂક્યું છે. સામાન્ય સ્થિતિમાં ૧ જૂનની આસપાસ કેરળ પહોંચે છે. ૫ જૂન સુધીમાં કર્ણાટક, ગોવા, અને પૂર્વોત્તર રાજ્ય કવર થાય છે. ૧૦ જૂન સુધી તે મુંબઈ, તેલંગણા, આંધ્ર પ્રદેશ અને સિક્કિમ સુધી પહોંચે છે. ૧૫ જૂન સુધી સાઉથ ગુજરાત, આખુ મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, પૂર્વી બિહારનો વિસ્તાર કવર કરે છે. આગળ ૮ જુલાઈ સુધીમાં ચોમાસું આખા ભારતને કવર કરે છે. એક્સપર્ટનું કહેવું છે કે આ વખતે જ્યારે મોનસુન કેરળ પહોંચશે ત્યારે તેના પ્રોગ્રેસના આધારે આગળ જાણી શકાશે.

# અમેરિકામાં મોટી દુર્ઘટનાઃ એર શોમાં કરતબ દેખાડતા ૨ ફાઈટર વિમાનો અથડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયંકર તણાવ વચ્ચે અમેરિકાના ઈદાહો રાજ્યમાં માઉન્ટેન હોમ એર ફોર્સ બેસ પર રવિવારે આયોજિત કરાયેલા એક એર શોમાં મોટી દુર્ઘટના ઘટી. અહીં અમેરિકી વાયુસેના/નેવીના ઉપયોગમાં લેવાતા બે ફાઈટર જેટ્સ હવામાં એકબીજા સાથે અથડાયા. મીડિયા રિપોર્ટ્સ મુજબ આ ઘટના સ્થાનિક સમય મુજબ બપોરે ૧૨.૩૦ કલાકે ઘટી. બે ફાઈટર જેટ્સ હવામાં કરતબ દેખાડતા હતા. અચાનક બંને પ્લેન એક બીજાની સમે આવી ગયા અને અથડાયા. ત્યારબાદ પૂરપાટ ઝડપે જમીન પર જઈ તૂટી પડ્યા.

આવી ભયંકર દુર્ઘટના છતાં રાહતના સમાચાર એ રહ્યા કે બંને પ્લેનમાં સવાર ચાર પાઈલોટ્સ સમયસર ઈજેક્ટ થવામાં સફળ રહ્યા. જેના કારણે તેમના જીવ બચી ગયા. આ અકસ્માત બાદ આખા એરબેસને લોકડાઉનમાં નાખી દેવાયું.




રિપોર્ટ્સ મુજબ આ ઘટના ગનફાઈટર સ્કાઈઝ એર શો દરમિયાન ઘટી. અથડામણમાં સામેલ બંને વિમાનો EA-18G ગ્રાઉલર ફાઈટર જેટ્સ હતા. આ બંને જેટ એરબેસથી લગભગ બે માઈલ દૂર ક્રેશ થયા. અકસ્માત બાદ ક્રેશ સાઈટથી કાળા ધૂમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. અકસ્માતની જાણ થતા જ ઈમરજન્સી ક્રૂ તરત ઘટનાસ્થળે પહોંચ્યા અને પાણી નાખીને આગ ઓલવવાની કામગીરી શરૂ કરી દીધી હતી.

સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોવા મળે છે કે બંને વિમાન હવામાં અથડાયા અને પછી તૂટીને ટુકડામાં ફેરવાઈ ગયા. ગણતરીની પળોમાં ચાર પેરાશૂટ જમીન પર ઉતરતા પણ જોવા મળ્યા.

ત્યારબાદ અમેરિકી નેવીએ પણ પુષ્ટિ કરી કે માઉન્ટેન હોમ એર ફોર્સ બેસ પાસે એર શો દરમિયાન બે મિલેટ્રી જેટ્સ હવામાં અથડાયા પરંતુ આ ઘટનામાં ચારેય ક્રૂ સભ્યોના જીવ બચી ગયા. માઉન્ટેન હોમ એરફોર્સ બેસના અધિકારીઓએ જણાવ્યું કે આખી ઘટનાની તપાસ શરૂ કરી દેવાઈ છે. આ અકસ્માત બાદ રવિવારના શેડ્યૂલ કાર્યક્રમોને પણ રદ કરાયા છે.

રિપોર્ટ મુજબ ગનફાઈટર સ્કાઈઝ એર શો આઠ વર્ષ બાદ ઈદાહો રાજ્યમાં યોજાયો હતો. આયોજકોએ આ કાર્યક્રમની તૈયારીમાં લગભગ બે વર્ષનો સમય કાઢ્યો હતો. આખું અઠવાડિયું સુરક્ષા ટીમો અને મેન્ટેનન્સ ક્રૂ બેસ પર તૈનાત રહ્યા હતા. આ કાર્યક્રમને જોવા માટે હજારો લોકો ભેગા થયા હતા. જેમાં મિલેટ્રી એરક્રાફ્ટ્સે શાનદાર ડિસ્પ્લે અને એરિયલ ડેમોન્સ્ટ્રેશન દેખાડ્યું હતું. ક્રૂ સભ્યોના જીવ બચી ગયા એ રાહતના સમાચાર છે પરંતુ બે આધુનિક ફાઈટર વિમાનો આ રીતે હવામાં અથડાયા કઈ રીતે એ મોટો સવાલ ઊભો થયો છે. તપાસ રિપોર્ટ આવ્યા બાદ જ અકસ્માતના અસલ કારણો જાણી શકાશે. હાલ બેસ પર સુરક્ષા વધારવામાં આવી છે. આ સાથે જ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી ઉડાણોને સંચાલિત કરવા પર રોક લગાવવામાં આવી છે.






# તંત્રી લેખ......

## ન્યાયાધીશોની સંખ્યા

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ૩૩ થી વધારીને ૩૭ કરવા માટે વટહુકમ બહાર પાડ્યો છે, જે દર્શાવે છે કે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ઝડપથી વધે. હવે, મુખ્ય ન્યાયાધીશ સહિત, સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની કુલ સંખ્યા ૩૮ થશે. આ નિઃશંકપણે સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોનો ભાર ઘટાડવામાં અને ન્યાયિક પ્રક્રિયાને ઝડપી બનાવવામાં મદદ કરશે. આશા છે કે આનાથી સુપ્રીમ કોર્ટમાં લોકોને ઝડપી ન્યાય મળશે, પરંતુ પ્રશ્ન એ છે કે હાઈકોર્ટ અને ગૌણ અદાલતોમાં પરિસ્થિતિ કેવી રીતે અને ક્યારે બદલાશે? હાઈકોર્ટ અને ગૌણ અદાલતોમાં કેસોનો બેકલોગ ઘટાડવા માટે પણ પગલાં લેવાની જરૂર છે, જેથી લોકોને સમયસર ન્યાય મળે. એ વાતને અવગણી શકાય નહીં કે સુપ્રીમ કોર્ટથી લઈને જિલ્લા સ્તર સુધીની અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા લગભગ પાંચ કરોડ સુધી પહોંચી ગઈ છે. ન તો પેન્ડિંગ કેસોનો બેકલોગ ઘટી રહ્યો છે, ન તો લોકોને સમયસર ન્યાય મળી રહ્યો છે. પરિસ્થિતિ એવી છે કે સરળ કેસોનો ઉકેલ લાવવામાં પણ વર્ષો, ક્યારેક દાયકાઓ લાગે છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ન્યાયમાં વિલંબ એ અન્યાયનો એક પ્રકાર છે. સુપ્રીમ કોર્ટ હોય, હાઈકોર્ટ હોય કે ગૌણ અદાલતો હોય, ફક્ત ન્યાયાધીશોની સંખ્યા વધારવી પૂરતું નથી. સમયસર ન્યાય આપવા માટે, દરેક સ્તરે ન્યાયતંત્રને પણ પૂરતા માળખાકીય સુવિધાઓથી સજ્જ કરવું જોઈએ. ન્યાયમાં વિલંબનું એક કારણ ફક્ત ન્યાયાધીશોની અછત નથી, પણ સંસાધનોનો અભાવ પણ છે. સુપ્રીમ કોર્ટ સિવાયની અન્ય અદાલતોમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવા પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ, કારણ કે આપણા દેશમાં, દર મિલિયન વસ્તીએ ફક્ત ૨૨ ન્યાયાધીશો છે. તેનાથી વિપરીત, વિકસિત દેશોમાં, દર મિલિયન વસ્તીએ ન્યાયાધીશોની સંખ્યા ૧૦૦ થી વધુ છે. દાયકાઓ પહેલા, કાયદા પંચે ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા માટે દર મિલિયન વસ્તીએ ઓછામાં ઓછા ૫૦ ન્યાયાધીશોની નિમણૂક કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. કોઈને ખબર નથી કે આ જરૂરિયાત કેમ પૂર્ણ થઈ રહી નથી. સમયસર ન્યાય સુનિશ્ચિત કરવા માટે, ન્યાયિક પ્રક્રિયામાં ફેરફાર કરવો પણ જરૂરી છે. વધુમાં, કારોબારીએ પોતાના લોકો સામે કેસ દાખલ કરવાની વૃત્તિ છોડી દેવી જોઈએ. જો આમ નહીં કરવામાં આવે તો, મુલતવી રાખવાનો ચક્ર અવિરત ચાલુ રહેશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૮૨૯, ચાંદીના વાયદામાં રૂ.૩૭૭૫ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૪ની વૃદ્ધિ

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૮૮૩૪.૩૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૦૦૯૨.૪૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૮૧૭૦.૨૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૮૯૨૬.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૮૮૩૪.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૯૦૦૯૨.૪૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૦૩૭.૩૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૮૧૭૦.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૦૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૫૪૦ અને નીચામાં રૂ.૧૫૭૫૪૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૮૫૪૭ના આગલા બંધ સામે રૂ.૮૨૯ વધી રૂ.૧૫૯૩૭૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૯૨ વધી રૂ.૧૨૭૬૯૩ થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૧ વધી રૂ.૧૫૯૯૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩૭ વધી રૂ.૧૫૮૮૯૦ થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૧૬૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૨૨૧ અને નીચામાં રૂ.૧૫૭૧૫૯ના મથાળે અથડાઈ, રૂ.૧૫૮૪૦૪ના આગલા બંધ સામે રૂ.૭૩૬ વધી રૂ.૧૫૯૧૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૪૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૬૭૬૪ અને નીચામાં રૂ.૨૬૪૯૪૯ના મથાળે અથડાઈ, રૂ.૨૭૧૮૮૬ના આગલા બંધ સામે રૂ.૩૭૭૫ વધી રૂ.૨૭૫૬૬૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૪૧૧૧ વધી રૂ.૨૭૮૯૪૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૩૯૭૩ વધી રૂ.૨૭૮૮૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૩૯૦૧.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૧.૪ વધી રૂ.૧૩૪૩ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૪.૧૫ વધી રૂ.૩૬૭.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૨.૪ વધી રૂ.૩૮૧.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૫૫ પૈસા વધી રૂ.૨૦૨.૮ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૬૯૧૫.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૬૬૦ અને નીચામાં રૂ.૪૬૦૧ના મથાળે અથડાઈ, રૂ.૫૭ વધી રૂ.૪૬૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૧૦૩૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૪૧૨ અને નીચામાં રૂ.૧૦૦૫૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૦૮૦ના આગલા બંધ સામે રૂ.૫૪ વધી રૂ.૧૦૧૩૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૪૫ વધી રૂ.૧૦૧૨૬ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૯.૧ વધી રૂ.૨૯૩.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૯.૧ વધી રૂ.૨૯૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૯૪.૮ના ભાવે ખૂલી, રૂ.૨.૨ ઘટી રૂ.૯૯૭.૬ના સ્તરે પહોંચ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૬૫ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૨૭૬૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૨૬૬૩.૨૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૫૦૬.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૨૮૦૮.૮૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૪૦૯.૪૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૮.૭૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૬૬૧.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૫.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૬૩૬.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૨૬૩.૪૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૨.૯૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૦૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૩૬૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૬૦૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૭૯૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૭૦૯૩૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૨૯૯૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૩૩૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૩૯૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૩૪૧૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૦૨૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૪૫૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૨૭૫૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૮૫૦૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૮ પોઈન્ટ ઘટી ૩૮૫૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૬.૫ ઘટી રૂ.૩૮૭.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭૫ વધી રૂ.૫.૦૫ થયો હતો.

સોનું મે રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮ ઘટી રૂ.૨૪૫.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૫૮ વધી રૂ.૨૪૦૦ના ભાવે બોલાયો હતો. તાંબું મે રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૪ ઘટી રૂ.૩.૩ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩ પૈસા ઘટી રૂ.૦.૪૫ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૪૫ ઘટી રૂ.૧૨૫.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ વધી રૂ.૭.૦૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩.૫ વધી રૂ.૭૩૬ થયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૨.૫ વધી રૂ.૪૦૧.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૦.૬ ઘટી રૂ.૧૬૬.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૧૫ ઘટી રૂ.૭ના ભાવે બોલાયો હતો. સોનું મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫ ઘટી રૂ.૩૬૯ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧ વધી રૂ.૩૭૬ થયો હતો. તાંબું મે રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૬ પૈસા ઘટી રૂ.૫.૯૯ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૭૩ ઘટી રૂ.૧.૨૧ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૩ ઘટી રૂ.૬૨.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૧૫ ઘટી રૂ.૭.૦૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮.૫ ઘટી રૂ.૪૭૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫ ઘટી રૂ.૩૫૨ થયો હતો.

ઉકળતી ગરમીમાં મુસાફરોને રાહત:

## ભાવનગર મંડળના જૂનાગઢ સ્ટેશન પર નિઃશુલ્ક છાશનું વિતરણ

ભીષણ ગરમી અને વધતા તાપમાનને ધ્યાનમાં રાખીને યાત્રિયોને રાહત પહોંચાડવા માટે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા જનહિતમાં વિશેષ પહેલ કરવામાં આવી છે. આ અનુક્રમે શુક્રવારે જૂનાગઢ રેલવે સ્ટેશન પર મુસાફરો માટે નિઃશુલ્ક છાશ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે જૂનાગઢ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ વિસ્તારમાં મુસાફરોને, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકોને છાશ ઉપલબ્ધ કરાવવામાં આવી, જેના કારણે તેમને ઉકળતી ગરમીમાંથી નોંધપાત્ર રાહત મળી.

નિઃશુલ્ક છાશ વિતરણ સેવામાં "આયુષ હોસ્પિટલ-જૂનાગઢ"નું સરાહનીય સહયોગ પ્રાપ્ત થયો. "આયુષ હોસ્પિટલ-જૂનાગઢ" દ્વારા યાત્રિયો માટે નિઃશુલ્ક ૨૦૦ લીટર છાશની વ્યવસ્થા કરવામાં આવી.



સ્ટેશન પર આ વ્યવસ્થાઓને સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં ભાવનગર મંડળના વાણિજ્ય વિભાગના નિરીક્ષકો, ટિકિટ ચેકિંગ સ્ટાફ તથા અન્ય કર્મચારીઓએ સક્રિય ભૂમિકા ભજવી અને વિતરણ કાર્યને સુવ્યવસ્થિત તથા સુરક્ષિત રીતે પૂર્ણ કર્યું. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે, "ઉકળતી ગરમી દરમિયાન મુસાફરોને રાહત પહોંચાડવી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભાવનગર મંડળ દ્વારા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આવી જનહિતકારી પ્રવૃત્તિઓ સતત આયોજન કરવામાં આવી રહી છે. આ પહેલ અમારી સામાજિક પ્રતિબદ્ધતા અને મુસાફર હિત પ્રત્યેની સંવેદનશીલતાનું પ્રતિબિંબ છે." ભાવનગર મંડળ દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે મુસાફરોને સુરક્ષિત, સુવિધાજનક અને માનવીય સેવાઓ સતત ઉપલબ્ધ રહે. ઉકળતી ગરમી દરમિયાન આ પ્રકારની રાહત સેવાઓ આગળ પણ સતત ચાલુ રાખવામાં આવશે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૧૮/૦૫/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૪૧૧ | ૪૬૯.૦૦ | ૫૩૧.૦૦ |
| ૨ | મગફળી | ૧૨૦ | ૧,૨૩૧.૦૦ | ૧,૮૨૬.૦૦ |
| ૩ | એરંડા | ૧૮૫ | ૧,૩૦૦.૦૦ | ૧,૩૦૫.૦૦ |
| ૪ | રાયડો | ૫ | ૧,૧૬૦.૦૦ | ૧,૨૫૮.૦૦ |
| ૫ | બાજરી | ૫૯ | ૪૬૦.૦૦ | ૪૮૮.૦૦ |
| ૬ | મકાઇ | ૩૫૫ | ૪૧૧.૦૦ | ૪૫૧.૦૦ |
| ૭ | ચણા | ૧૬૨ | ૯૭૦.૦૦ | ૧,૦૭૫.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૧૩૬ | ૧,૦૫૦.૦૦ | ૧,૫૨૬.૦૦ |
| ૯ | મગ | ૧ | ૧,૧૦૦.૦૦ | ૧,૫૭૦.૦૦ |
| ૧૦ | ગવાર | ૫ | ૯૦૦.૦૦ | ૯૭૮.૦૦ |
| ૧૧ | તમાકુ | ૦ | ૧,૨૦૦.૦૦ | ૨,૨૫૦.૦૦ |
| ૧૨ | તમાકુ (ગારીયુ) | ૦ | ૯૫૦.૦૦ | ૧,૩૫૦.૦૦ |
| ૧૩ | સોયાબીન | ૬ | ૧,૦૦૦.૦૦ | ૧,૩૯૩.૦૦ |

મુનિમજી સોફટવેર

આગ લાગતા જ બસમાં સવાર તમામ ૨૫ જેટલા મુસાફરો સમયસર બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો છે

## અમદાવાદ-રાજકોટ હાઈવે પર બસમાં લાગી આગ, મુસાફરોનો બચાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર મુસાફરો ભરેલી એક ખાનગી બસમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠવાની ઘટના સામે આવી છે. સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા નજીક આવેલા મરઘીખડા ગામના બોર્ડ પાસે આ અકસ્માત સર્જાયો હતો.

રાજકોટથી અમદાવાદ તરફ જઈ રહેલી ખાનગી બસમાં અચાનક આગ ફાટી નીકળતા હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, રાહતની વાત એ રહી કે, આગ લાગતા જ બસમાં સવાર તમામ ૨૫ જેટલા મુસાફરો સમયસર બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો છે.પ્રાથમિક માહિતી અનુસાર, ચાલુ બસમાં અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે આ આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોતજોતામાં આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે, આખી બસ બળીને ખાખ થઈ ગઈ હતી. હાઈવે પર બસમાંથી નીકળતા ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોઈ શકાતા હતા, જેના કારણે રોડ પરથી પસાર થતા અન્ય વાહનચાલકો પણ થંભી ગયા હતા.હાઈવે પર બસમાં આગ લાગવાની આ ઘટનાને પગલે નેશનલ હાઈવે પર ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં જ ચોટીલા ફાયર ફાઈટરની ટીમ અને સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો, જ્યારે પોલીસે હાઈવે પરનો વાહનવ્યવહાર પૂર્વવત કરાવવા માટે કવાયત હાથ ધરીને અકસ્માત અંગે આગળની તપાસ શરૂ કરી છે.

અભિયાન હેઠળ વિવિધ જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે

## "વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬" હેઠળ મંડળ રેલવે મેનેજરે લેવડાવી પર્યાવરણ સંરક્ષણની પ્રતિજ્ઞા

ભારતીય રેલવે દ્વારા ૧૫ મે થી ૫ જૂન ૨૦૨૬ સુધી આયોજિત કરવામાં આવી રહેલા વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાન હેઠળ ૧૮ મે ૨૦૨૬ ના રોજ મંડળ રેલવે મેનેજર ઓફિસ, અમદાવાદમાં પ્રતિજ્ઞા ગ્રહણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો.



આ અવસર પર મંડળ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશ એ મંડળ ઓફિસના અધિકારીઓ અને કર્મચારીઓને પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને પ્રાકૃતિક સંસાધનોના સંવર્ધન પ્રત્યે પ્રતિજ્ઞા લેવડાવી. પ્રતિજ્ઞા મારફતે તમામ ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓએ પર્યાવરણ સંરક્ષણને પોતાના દૈનિક જીવનનો અભિન્ન હિસ્સો બનાવવાના, જળ અને ઉર્જાની બચત કરવાના, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાના, સ્વચ્છતા જાળવી રાખવાના અને હરિત તથા સતત જીવનશૈલી અપનાવવાના સંકલ્પ લીધા. આ અભિયાનનો ઉદ્દેશ પર્યાવરણ સંરક્ષણ, પ્લાસ્ટિક પ્રદૂષણમાં ઘટાડો, સ્વચ્છતા, જળ અને ઉર્જા સંરક્ષણ તથા સતત જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. આ અભિયાન હેઠળ વિવિધ રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ, ઓફિસ સંકુલો અને જાહેર સ્થળોએ પ્રભાત ફેરીઓ, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ કાર્યક્રમ, શેરી નાટક, કાર્યશાળાઓ, જાગૃતિ રેલીઓ, હરીફાઈઓ અને સામાજિક સહભાગિતા કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યા છે.

૧૫ મે થી ૫ જૂન ૨૦૨૬ સુધી ચાલનારા આ વિશેષ અભિયાન દરમિયાન રેલવે સંકુલો, પાટાઓ અને પાણીના સ્ત્રોતો પર વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. સાથે જ "એક પેડ માં કે નામ" પહેલ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવશે. "સિંગલ યુઝ પ્લાસ્ટિક" ના ઉપયોગને ઘટાડવાના તથા પર્યાવરણ અનુકૂળ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે વિશેષ જન-જાગૃતિ અભિયાન સંચાલિત કરવામાં આવશે. યાત્રીઓને ડિજિટલ ટિકિટીંગ અપનાવવા, પુનઃ ઉપયોગ યોગ્ય પાણીની બોટલો તથા કપડાં અને કંતાનની બેગોના ઉપયોગ માટે પ્રેરિત કરવામાં આવશે. આ ઉપરાંત શેરી નાટક, કાર્યશાળાઓ, જાગૃતિ રેલીઓ, હરીફાઈઓ અને સામાજિક સહભાગિતાના કાર્યક્રમો મારફતે તમામ લોકોને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં આવશે.

૫ જૂન ૨૦૨૬ ના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ" ના અવસરે વિશેષ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે, જેમાં પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરનારા કર્મચારીઓ તથા ભાગ લેનારાઓને સન્માનિત કરવામાં આવશે.

મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ કહ્યું કે પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ પર્યાવરણ સંરક્ષણ અને સતત વિકાસ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાને સતત આગળ વધારતાં સમાજમાં પર્યાવરણ જાગૃતિ ફેલાવવા સતત કામ કરતું રહેશે. તેમણે નાગરિકોને પર્યાવરણ સંરક્ષણને જન-આંદોલન બનાવવા તથા સ્વચ્છ અને હરિયાળા ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદારી ભજવવાની હાકલ કરી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# ગુજરાતના ૩ થી ૪ દિગ્ગજ નેતાઓને ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં સ્થાન મળશે

## ગોરધન ઝડફીયા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રમણલાલ વોરા, આર સી ફળદુ માટે ટીમ નિતીન નબીનમાં સ્થાન મેળવવાના ઉજળા સંજોગો

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નબીન દ્વારા હવે ટુંક સમયમાં સંગઠનનુ માળખુ જાહેર કરવામાં આવે તેવી શકયતા હાલ દેખાય રહી છે. જેમાં ગુજરાતના ૩ થી ૪ નેતાઓને રાષ્ટ્રીય સંગઠનમાં સ્થાન આપવામાં આવે તેવી શકયતા હાલ દેખાય રહી છે. આવતા મહિને ગુજરાતની રાજય સભાની પણ ૪ બેઠકો ખાલી પડી રહી હોય જેમાં ગુજરાતના ભાજપના નેતાઓ માટે આગામી દિવસોમાં બહુ મોટી તક રહેલી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના મંત્રીમંડળનુ પણ વિસ્તરણ કરી શકે છે, જો કે તેમાં ગુજરાતના કોઈ સાંસદનો સમાવેશ કરવામાં આવે તેવી શકયતા ખુબ જ નહીવત છે. કારણ કે હાલ ગુજરાતના લોકસભા અને રાજયસભાના ૬ સાંસદો કેન્દ્ર સરકારમાં મંત્રી તરીકે જવાબદારી વહન કરી રહ્યા છે તે પૈકી ૫ સાંસદો તો કેબિનેટ મંત્રી છે. જયારે એક રાજય સભાના સાંસદ છે. ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં હવે ગુજરાતના ૩ થી ૪ નેતાઓને મહત્વપૂર્ણ સ્થાન મળી શકે છે. કેન્દ્રની મોદી સરકારમાં હાલ ગુજરાતના લોકસભાના સાંસદ અમિત શાહ ઉપરાંત ડો. મનસુખ માંડવીયા, સીઆર પાટીલ અને નિમુબેન બાંભણીયા, જયારે રાજયસભાના સાંસદ જે પી નડ્ડા અને એસ જયશંકર મંત્રી પદ ભોગવી રહ્યા છે. જેમાં એકમાત્ર નીમુબેન બાંભણીયા રાજય કક્ષાના મંત્રી છે. બાકીના પાંચેય સાંસદો કેબિનેટ મંત્રી છે અને તમામ પાસે ખુબ જ સારા મંત્રાલયો છે. આવામાં હવે મોદી સરકારના મંત્રી મંડળમાં ગુજરાતનો કવોટો લગભગ પુરો થઈ ગયો છે.

છતાં એક શકયતા એવી પણ દેખાય રહી છે કે રાજય સરકારના મંત્રીમંડળમાં ભાવનગરના બે ધારાસભ્યો મંત્રી પદે હોય હવે ભાવનગરના સાંસદને કેન્દ્રીય મંત્રી મંડળમાંથી પડતા મુકવામાં આવશે, તો બીજી તરફ છેલ્લા બે ટર્મ થી ગુજરાત સરકારના મંત્રી મંડળમાં સાબરકાંઠા જિલ્લાની બાદબાકી કરવામાં આવે છે જેને લઈ ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં સાબરકાંઠા જિલ્લામાંથી પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાને સ્થાને મળી શકે છે. રાજયના મંત્રીમંડળમાંથી દાયકાઓ પછી બાકાત રહેલા રાજકોટને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે. પુરષોત્તમ રૂપાલાને ફરી મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવે તેવી શકયતા દેખાય રહી છે. આવતા વરસના અંતમાં ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓ યોજાવવાની છે ત્યારે ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં ગુજરાતના ૩ થી ૪ નેતાઓને સ્થાન આપવામાં આવી શકે છે, જેમાં પૂર્વ મંત્રી ગોરધન ઝડફીયા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, પૂર્વ મંત્રી આર સી ફળદુ ને સ્થાન આપવામાં આવી શકે છે. ભારતીબેન શિયાળનુ નામ પણ ચર્ચાય છે, હવે એકપણ રાજયની ચુંટણી નજીકના દિવસોમાં નથી આવવાની, ભાજપ દ્વારા હવે રાષ્ટ્રીય સંગઠનની નિમણુંકની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે. ગુજરાતના કોઈ નેતાને ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં મહામંત્રી જેવુ મહત્વપૂર્ણ પદ પણ મળી શકે છે. આગામી ૨૧ જુનના રોજ ગુજરાતના રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, નરહરી અમીન, શકિતસિંહ ગોહિલ અને રમીલાબેન બારાની મુદત પૂર્ણ થઈ રહી છે. વિધાનસભામાં સભ્યોની સંખ્યાના આધારે હવે ચારેય બેઠકો ભાજપને મળશે તે ફાઈનલ છે. આવામાં રાજયના ભાજપના નેતાઓ માટે રાષ્ટ્રીય સંગઠનમાં સ્થાન મેળવવાની સાથે રાજયસભાના સાંસદ બનવાની પણ સુવર્ણ તક રહેલી છે.

# ગાડીમાં પેટ્રોલ નથી તો શું ચાલતો આવું ? તલાટીની ઘોર બેદરકારી અને ગેરવર્તણુંકનો ઓડીયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર




વલસાડના નાના પૌઢા તાલુકાના ઘોઘડકુવા ગામના તલાટી સંજય ભોયા ની ઉધ્ધત વર્તણુંક બહાર આવી છે. ઓન ડયુટી હોવા છતાં તેઓ પંચાયત કચેરીએ હાજર રહ્યા ન હતા, જયારે તાલુકા પંચાયતના વિપક્ષી સભ્યોએ સંપર્ક કર્યો ત્યારે તલાટીએ એવો જવાબ આપ્યો કે પેટ્રોલના પૈસા સરકાર આપતી નથી, તો શું ચાલતો આવુ ? આ બેદરકારીને કારણે કંપનીઓમાંથી રજા પાડીનો આવેલા શ્રમિકો અને મહિલાઓ અટવાઈ હતી, આ મામલે ઈન્ચાર્જ ટીડીઓને તપાસના આદેશ આપ્યા છે.

# વીજ ગ્રાહકોને મોટો ઝટકો : ઘર બંધ હશે તો પણ આવશે મોટુ લાઈટબીલ : સરકારી કંપનીઓએ ફીકસ ચાર્જમાં કર્યો ધરખમ વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર




પેટ્રોલ,ડીઝલ અને સીએનજીના વધતા જતા ભાવ વચ્ચે સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક મોટો પ્રહાર થવાની તૈયારી છે. સેન્ટ્રલ ઈલેકટ્રીકસીટી ઓથોરીટી (સીઈએ) એ વિજળી બીલના ફીકસ મંથલી ચાર્જમાં મોટો વધારો કરવાનો પ્રસ્તાવ મુકયો છે.

આ નવા નિયમ બાદ ગ્રાહકો ભલે એસી, પંખા બંધ રાખે કે ઘરને તાળુ મારીને બહારગામ જાય, તો પણ સરકારે નકકી કરેલી ફીકસ રકમ દર મહિને ફરજીયાત ચુકવવી જ પડશે, આજકાલ અમીર પરીવારો અને મોટી ફેકટરીઓ પોતાના ટેરેસ પર રૂફટોપ સોલર સિસ્ટમ લગાવી રહ્યા છે. જેના કારણે સરકારી વિજ વિતરણ કંપનીઓ પાસેથી વિજળીની ખરીદી ઘટી ગઈ છે. પરીણામે સરકારી કંપનીઓની કમાણી ધોવાઈ ગઈ છે. આ નુકશાનની ભરપાઈ કરવા માટે હવે મધ્યમવર્ગ અને સામાન્ય ગ્રાહકો પર બોજો નાખવાની તૈયારી થઈ રહી છે. અહેવાલ અનુસાર વીજ કંપનીઓનો કુલ ખર્ચ જેમ કે નેટવર્ક જાળવણી, કર્મચારીઓના પગાર અને વીજ ઉત્પાદકોને પેમેન્ટમાંથી ૩૮ ટકા થી ૫૬ ટકા હિસ્સો ફીકસ કોસ્ટનો હોય છે. તેની સામે કંપનીઓને હાલ ફીકસ ચાર્જ દ્વારા માત્ર ૯ ટકા થી ૨૦ ટકા જ કમાણી થાય છે, આ ગેપ પુરો કરવા માટે તબકકાવાર ચાર્જ વધારવાનો પ્લાન છે.

ફીકસ ચાર્જ વધારીને કુલ ખર્ચના ૨૫ ટકા સુધી કરવામાં આવી શકે છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં આ ચાર્જ વધારીને ૧૦૦ ટકા સુધી કરવાનો પ્રસ્તાવ છે. જે ગ્રાહકોને ઘરે સોલર પેનલ લગાવી છે અને નેટ મીટરીંગ વાપરે છે, તેમના માટે તદ્દન અલગ ટેરીફ માળખુ લાવવાની ભલામણ કરાઈ છે. વીજ કંપનીઓનુ કહેવુ છે કે આ ગ્રાહકો સોલર ઉર્જા વાપરતા હોવા છતાં બેક-અપ તરીકે સરકારી ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રકચર નો ઉપયોગ તો કરે જ છે. તેથી તેમની પાસેથી અલગ થી ચાર્જ વસુલવો જરૂરી છે. આગામી દિવસોમાં આવનારો આ નવો નિયમ મધ્યમવર્ગના માસિક બજેટને ખોરવી નાખશે. હવે જોવાનુ એ રહેશે કે સરકાર આ પ્રસ્તાવને કયારથી અને કેટલા પ્રમાણમાં મંજુરી આપે છે.

# જનરલ મેનેજર પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળના ચાર કર્મચારી સંરક્ષા પુરસ્કારથી સન્માનિત

## તકેદારી, સમજદારી અને તાત્કાલિક કાર્યવાહી માટે મળ્યું ''મેન ઓફ ધ મન્થ'' સંરક્ષા પુરસ્કાર



પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાણ્ડેય એ અમદાવાદ મંડળના ચાર કર્મચારીઓને તેમના શ્રેષ્ઠ કામ, તકેદારી અને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન માટે ''મેન ઓફ ધ મન્થ'' (માર્ચ–૨૦૨૬) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. આ કર્મચારીઓએ પોતાની સમજદારી, કર્તવ્યનિષ્ઠા અને તાત્કાલિક નિર્ણય ક્ષમતાથી સંભાવિત દુર્ઘટનાઓને ટાળતાં રેલવે સુરક્ષામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. સન્માનિત કર્મચારીઓની વિગતો નીચે પ્રમાણે છે :

૧. શ્રી ચંદ્રશેખર સિહં, ટ્રેન મેનેજર (માલ), ગાંધીધામ

તારીખ ૨૩.૦૨.૨૦૨૬ ના રોજ ન્યૂ પાલનપુરથી **CMLK/MDCC** માલગાડીનો ચાર્જ લીધા પછી શ્રી ચંદ્રશેખર સિંહે ટ્રેનની તપાસ દરમિયાન લોડ અને બ્રેકવાન વચ્ચે કપલર ગેપ વધારે જોયો. માપવા પર ગેપ ૯૨ મિમી જાણવા મળ્યો. જેની સૂચના તેમણે તરત જ સંબંધિત સ્ટેશન માસ્ટર અને **C&W** સ્ટાફને આપી. જરૂરી સુધારા પછી ટ્રેનને રવાના કરવામાં આવી.

ભીલડી સ્ટેશન પહોંચ્યા પછી પુનઃ નિરીક્ષણ દરમિયાન તેમણે જોયું કે રબર પ્લેટ ખસી જવાથી ગેપ ફરી ૯૨ મિમી થઈ ગયો છે. તેમણે તકેદારીથી તાત્કાલિક કાર્યવાહી કરતાં બ્રેકવાનને ડિટેચ કરી લોખંડની પ્લેટ લગાવી ખામી દૂર કરી.

૨. શ્રી રોહિત સિંહ, કાંટાવાળા

તારીખ ૩૦.૦૩.૨૦૨૬ ના રોજ **LC-199** પર ફરજ દરમિયાન શ્રી રોહિત સિંહે સામાખ્યાળી સેક્શનથી પસાર થતી માલગાડીના ૧૯મા વેગનમાં 'હૉટ એક્સલ' જોઈ. તેમણે તરત જ લાલ ઝંડી બતાવી ટ્રેનને રોકાવી તથા સ્ટેશન માસ્ટરને જાણ કરી. તપાસમાં હૉટ એક્સલની જાણ થવા પર ખામીયુક્ત વેગનને અલગ કરવામાં આવ્યું. તેમની તકેદારી અને 'સેફ્ટી ફર્સ્ટ' પ્રત્યે સમર્પણના લીધે એક સંભવિત મોટી રેલવે દુર્ઘટના સમયસર ટળી ગઈ અને ટ્રેન સંચાલન સુરક્ષિતરૂપે ચાલુ રાખી શકાયું.

૩. શ્રી રત્નાભાઈ પરમાર, ટ્રેન મેનેજર, ગાંધીધામ

તારીખ ૩૧.૦૩.૨૦૨૬ ના રોજ **LPGS/IOBP/LPG** ટ્રેનના સંચાલન દરમિયાન શ્રી રત્નાભાઈ પરમારે ટ્રેનમાં ગેસ જેવી વાસનો અનુભવ થવાની જાણ સ્ટેશન સ્ટાફને કરી તથા ધનકવાડા સ્ટેશન પર ટ્રેનની તપાસ કરાવી. નિરીક્ષણમાં વેગન નંબર ઉઇ ૪૨૦૮૦૧૬૦૧૭૫ માં ગેસ લિકેજ જોવા મળ્યું.

તેમણે તાત્કાલિક સ્ટેશન માસ્ટર અને કંટ્રોલ ઓફિસને સૂચના આપી. જેના પછી ફાયર બ્રિગેડ, **C&W** સ્ટાફ, **RPF** તથા અન્ય સંબંધિત વિભાગો દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી. ખામીયુક્ત વેગને છુટું પાડી જરૂરી સુરક્ષા ઉપાય કરવામાં આવ્યા.

૪. શ્રી રાકેશ કુમાર, ટ્રેન મેન્ટેનર-III

તારીખ ૦૨.૦૩.૨૦૨૬ ના રોજ **RUB-169** પર વૉચમેન ડ્યૂટી દરમિયાન શ્રી રાકેશ કુમારે જોયૂં કે એક ટ્રેન નિર્ધારિત ૨૦ કિમી પ્રતિ કલાકની કૉશન ગતિથી વધારે ગતિથી પસાર થઈ રહી છે. સ્થિતિની ગંભીરતાને સમજતાં તેમણે તરત જ લાલ ઝંડી બતાવી ટ્રેનને રોકી.

પશ્ચિમ રેલવે દ્વારા આ કર્મચારીઓની તકેદારી, ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠાને કારણે સંભાવિત જોખમને સમયસર ટાળી શકાયા. તેમના ઉદાહરણરૂપ કામ અને સમર્પણને જોતાં તેમને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

# અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ માટે રૂ.૧૮ કરોડની નવી શિષ્યવૃત્તિ યોજનાને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાની મંજૂરી

**પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ વાર્ષિક રૂ. ૨.૫૦ લાખથી રૂ. ૬.૦૦ લાખ સુધીની આવક ધરાવતા અનુસૂચિત જાતિના પરિવારોના ૩ હજાર કુમાર વિદ્યાર્થીઓને મળશે સીધો લાભ**

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૮ કરોડની નવી શિષ્યવૃત્તિ યોજનાને વહીવટી મંજૂરી આપી છે, તેમ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની યાદીમાં જણાવાયું છે.

અખબારી યાદીમાં જણાવ્યા મુજબ, અત્યાર સુધી માત્ર રૂ.૨.૫૦ લાખ સુધીની વાર્ષિક આવક મર્યાદા ધરાવતા અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓને જ કેન્દ્ર પુરસ્કૃત યોજનાનો લાભ મળવાપાત્ર હતો. જોકે, મધ્યમ વર્ગના પરિવારોના હિતને ધ્યાને રાખી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ આવક મર્યાદા વધારીને ?૬.૦૦ લાખ કરવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. હવે રૂ.૨.૫૦ લાખથી રૂ.૬.૦૦ લાખ સુધીની આવક ધરાવતા અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓને પણ રાજ્ય ફંડમાંથી શિષ્યવૃત્તિ આપવામાં આવશે, જેનાથી આ વર્ષે અંદાજે ૩,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભાન્વિત થશે.

આ યોજના ''કેન્દ્ર સરકારશ્રીની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના''ની ગાઈડલાઈન મુજબ જ અમલી બનશે. આ સાથે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને એકેડેમિક એલાઉન્સ તેમજ માન્ય નોન-રીફન્ડેબલ ફી ચૂકવવામાં આવશે. શિષ્યવૃત્તિની આ સહાય સીધી જ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં Direct Benefit Transfer -DBT પદ્ધતિથી જમા કરવામાં આવશે.

★શિષ્યવૃત્તિ યોજનાની મુખ્ય શરતો અને પાત્રતાના ધોરણો

- ધોરણ-૧૦ અથવા ૧૨ પછીના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૦ અથવા ૧૨ની પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨માં ૫૦% કે તેથી વધુ ગુણ હોવા જરૂરી છે. આ ઉપરાંત, ઉચ્ચ અભ્યાસ માટે ડિગ્રી કે ડિપ્લોમા સ્તરે પણ ૫૦% કે તેથી વધુ માર્ક્સનું ધોરણ જાળવવાનું રહેશે.
- યોજના અંતર્ગત અરજી કરવાથી લઈને મંજૂરી આપવા સુધીની તમામ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રહેશે. નાણાકીય સહાય માટે નિયત સમયાંતરે DBT પદ્ધતિ, DBT પોર્ટલ તેમજ C.M. Dashboard અપનાવવાનું રહેશે. જો સાધન કે કીટ આપવાના કિસ્સા ઊભા થાય, તો તેની ખરીદી ઈઁસ મારફતે જ કરવાની રહેશે.
- આ યોજનાનો લાભ અંદાજપત્રીય જોગવાઈ અને નિયત થયેલા લાભાર્થીઓની સંખ્યા -૩,૦૦૦ કુમાર વિદ્યાર્થીઓની મર્યાદામાં જ ચૂકવવાનો રહેશે, જેની સંપૂર્ણ તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે રાખવાની રહેશે. આ યોજનાના યોગ્ય મોનીટરીંગ માટે સમયાંતરે સોશિયલ ઓડિટ અને થર્ડ પાર્ટી વેરિફિકેશન કરાવીને તેનો અહેવાલ રાજ્ય સરકારને રજૂ કરવાનો રહેશે.

- પ્રિન્સ ચાવલા

# અફેરની જાણ થતાં રિસામણે ગઈ હતી પરિણીતા

# પતિના અફેર અને સાસરીયાના ત્રાસથી કંટાળી પરિણીતાનો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના મેંગો માર્કેટ પાસે આવેલી ખોડલધામ સોસાયટીમાંથી એક કાળજું કંપાવી દેનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં રહેતી એક ૨૪ વર્ષની આશાસ્પદ પરિણીતા નિકિતા પ્રજાપતિએ ગત ૧૪ તારીખના રોજ સાસરીયાના અસહ્ય માનસિક ત્રાસ અને પતિના અન્ય સ્ત્રી સાથેના ગેરકાયદેસર સંબંધોથી કંટાળીને આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે હવે મૃતક યુવતીના પિયર પક્ષ દ્વારા રાજકોટ પોલીસ મથકે સત્તાવાર રીતે ફરિયાદ દાખલ કરવામાં આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.મળતી માહિતી મુજબ, મૃતક નિકિતાના લગ્ન અજય પ્રજાપતિ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન નિકિતાને જાણ થઈ હતી કે તેના પતિ અજયને અન્ય કોઈ મહિલા સાથે પ્રેમ સંબંધ (અફેર) છે. પતિના આ અફેર અંગે જ્યારે નિકિતાએ વિરોધ કર્યો ત્યારે પતિ અને સાસરીયાઓ દ્વારા તેને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. આ ત્રાસ અને લફરાબાજીથી કંટાળીને નિકિતા અગાઉ પોતાના પિયર રિસામણે પણ જતી રહી હતી. જો કે, બાદમાં સમજાવટથી તે પાછી સાસરે આવી હતી, પરંતુ સાસરીયાઓનો ત્રાસ ચાલુ જ રહ્યો હતો. આ કેસમાં સૌથી વધુ ચોંકાવનારી અને આઘાતજનક બાબત એ સામે આવી છે કે, જ્યારે નિકિતાએ તેના પતિના અફેર અને વ્યસન અંગે સાસુને ફરિયાદ કરી હતી, ત્યારે તેની સાસુ મોહિનીબેને પુત્રને સુધારવાને બદલે નિકિતાને એવું કહીને ધમકાવી હતી કે, "આજના આધુનિક જમાનામાં અફેર (પ્રેમ સંબંધો) રાખવા અને સ્મોકિંગ (ધૂમ્રપાન) કરવું એ બધું નોર્મલ (સામાન્ય) છે, તેમાં આટલો હોબાળો ન કરવાનો હોય." સાસુના આવા વાણી-વર્તન અને પતિની પ્રવૃત્તિઓથી આખી ભાંગી પડેલી નિકિતાએ આખરે કટોકટીનું પગલું ભરી ૧૪ તારીખે આપઘાત કરી લીધો હતો. બહેનના મોતના પગલે પિયર પક્ષ પર આભ તૂટી પડ્યું છે. મૃતક નિકિતાના ભાઈ કેતન પ્રજાપતિએ આ અંગે રાજકોટ પોલીસ સ્ટેશનમાં બહેનને મરવા મજબૂર કરવા બદલ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે નિકિતાના પતિ અજય પ્રજાપતિ, સસરા ભેરુભાઈ મગનભાઈ પ્રજાપતિ અને સાસુ મોહિનીબેન પ્રજાપતિ વિરૂદ્ધ દહેજ ઉત્પીડન, ઘરેલુ હિંસા અને આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી આરોપીઓને રાઉન્ડઅપ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વિરમગામના ભરબજારમાં નશામાં ચૂર પોલીસ કોન્સ્ટેબલનો હંગામો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેમના શિરે જવાબદારી છે, તેવા જ એક રક્ષકે નશાના ઓઠા હેઠળ ભક્ષક બનીને જાહેર રસ્તા પર આતંક મચાવ્યો હોવાની શરમજનક ઘટના વિરમગામ શહેરમાંથી સામે આવી છે. વિરમગામ શહેરના ગોલવાડી દરવાજા બહાર આવેલી ભરી બજારમાં કાયદાના નશા કરતા દારૂના નશામાં વધુ ધૂત એવા એક પોલીસ કોન્સ્ટેબલે ભારે ઉત્પાત મચાવ્યો હતો. આ કોન્સ્ટેબલે માત્ર સામાન્ય નાગરિક સાથે જ ગુંડાગર્દી નથી કરી, પરંતુ બચાવવા આવેલા પોતાના જ અધિકારી **PSI** સામે પણ સરેઆમ ખાખીનો રોફ જમાવ્યો હતો.

મળતી વિગતો અનુસાર, ગોલવાડી દરવાજા સર્કલ પાસેથી એક કાર પસાર થઈ રહી હતી. આ સમયે સાદા કપડામાં અને નશાની હાલતમાં ચૂર જયંતીભાઈ નામના પોલીસ કોન્સ્ટેબલે અચાનક જ કાર ચાલક સાથે કોઈ નજીવી બાબતે માથાકૂટ શરૂ કરી દીધી હતી. જોતજોતામાં મામલો એટલો બિચક્યો કે નશામાં ધૂત કોન્સ્ટેબલે કાયદાનું ભાન ભૂલીને કાર ચાલક સાથે જાહેર રસ્તા પર મારામારી શરૂ કરી દીધી હતી અને આવેશમાં આવીને કારના કાચ પણ તોડી નાખ્યા હતા. ભરબજારમાં બનેલી આ ઘટનાને પગલે આસપાસના વેપારીઓ અને રાહદારીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા.આ હંગામાની જાણ થતાં જ વિરમગામ ટાઉન પોલીસ મથકના પીએસઆઈ સહિતનો પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોતાના જ સાથી કર્મચારીને આ સ્થિતિમાં જોઈ પીએસઆઈએ મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નશામાં અંધ બનેલા કોન્સ્ટેબલ જયંતીભાઈએ પીએસઆઈ સામે પણ સરેઆમ ઉગ્ર બોલાચાલી કરીને રોફ જમાવ્યો હતો.


**પશ્ચિમ રેલ્વે**

**સિગ્નલ અને ટેલિકોમ કાર્ય**

Sr. DSTE/નોર્થ/મુંબઇ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઇ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ટેન્ડર નંબર SG_216_2_155_WA_PH31 ને આમંત્રણ આપે છે તારીખ:-13-05-2026. કાર્ય અને સ્થાન: (1) જોરાવાસન-સુરત સેક્શન-CTR(P)-14.624 TKM પેસેન્જર લૂપ્સ માટે (2) વિરાર - જોરાવાસન - TRR(P) - પેસેન્જર લૂપ્સ માટે 13.405 TKM (3) મુંબઈ ડિવિઝનના ધોલવાડ, બિલીમોરા, સચિન, ભેસ્તાન અને સુરત ખાતે RGM સાઇડિંગ સુવિધાઓ પૂરી પાડવાના સંબંધમાં સિગ્નલ અને ટેલિકોમ કાર્ય. કામની અંદાજિત કિંમત: ₹1,50,96,933.26/-. અર્નેસ્ટ મની ડિપોઝિટ: ₹3,01,900.00/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવાની તારીખ અને સમય: તા.10-06-2026 ના રોજ 15.00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા.10-06-2026 ના રોજ 15.30 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઇ શકાય છે. 0108

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે**

**"ઈ-ટેન્ડર સૂચના"**

ક્રમાંક નં. 1. ઈ-ટેન્ડર: RTM-2026-27-32. કામનું નામ: રતલામ (LCC) ખાતે લોકોમોટિવ કેર સેન્ટરના ટ્રેક્શન ટ્રેનિંગ સેન્ટરનું અપગ્રેડેશન (કમ્પોઝિટ સિવિલ + ઇલેક્ટ્રિકલ). અંદાજિત જથ્થો: ટેન્ડર સમયપત્રક મુજબ અંદાજિત કિંમત: ₹6,29,25,510.10/- અર્નેસ્ટ મની ડિપોઝિટ: ₹12,58,500.00/- પૂર્ણતાનો સમયગાળો: 12 મહિના. વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખ: 15.05.2026. ટેન્ડર ખોલવાની તારીખ: 10.06.2026. ક્રમ નં. 2. ઈ-ટેન્ડર: RTM-2026-27-33. કામનું નામ: રાજેન્દ્ર નગર સ્ટેશન પર અતિક્રમણ ટાળવા માટે યુપી મેઈન ટ્રેક અને ડીએન મેઈન ટ્રેક વચ્ચે ફેન્સિંગની જોગવાઈ. અંદાજિત જથ્થો: ટેન્ડર સમયપત્રક મુજબ અંદાજિત કિંમત: ₹ 34,99,848.24/- અર્નેસ્ટ મની ડિપોઝિટ: ₹70,000.00. પૂર્ણ થવાનો સમય: 06 મહિના. વેબસાઇટ પર અપલોડ કરવાની તારીખ: 15.05.2026. ટેન્ડર ખોલવાની તારીખ: 10.06.2026. વિગતવાર ટેન્ડર સૂચના, નિયમો અને શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. 0058

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

ઉત્તર પશ્ચિમ ઝોન - ઇજનેર ખાતુ

શોર્ટ ટેન્ડર નોટીસ નં.- ૧/ ૨૦૨૬-૨૭

રોડ, ડ્રેનેજ, પાણી, બિલ્ડીંગ તથા તળાવ ના કામો માટે

| | |
|---|---|
| ઓનલાઇન સબમીશન ની તારીખ : ૦૮/૦૬/૨૦૨૬ | સમય - ૧૮:૦૦ કલાક સુધી |
| ઇ.એમ.ડી., ટેન્ડર ફી અને અન્ય ડોક્યુમેન્ટ સબમીટ કરવાની તારીખ : ૦૯/૦૬/૨૦૨૬ | સમય - ૧૭:૦૦ કલાક સુધી |
| ઓનલાઇન ટેન્ડર ખોલવાની તારીખ : ૧૦/૦૬/૨૦૨૬ | સમય - ૧૨:૦૦ કલાક સુધી |

ટેન્ડર અને તેની વિગતો www.amc.nprocure.com ઉપર ઉપલબ્ધ છે.



**પશ્ચિમ રેલ્વે**

સ્ટોર્સ ડિપાર્ટમેન્ટ

પી-વે અને અન્ય વિવિધ સ્ક્રેપ માટે જૂન 2026 દરમિયાન ઇ-હરાજી વેચાણ

ખાસ ધ્યાન: બધા સ્ટીલ ખરીદનારાઓ અને રી-રોલર્સ

પી. વે સ્ક્રેપ, રેલ સ્ક્રેપ અને અન્ય વિવિધ સ્ક્રેપ સામગ્રીના નિકાલ માટે જાહેર ઈ-હરાજી નીચે આપેલા કાર્યક્રમ મુજબ જૂન 2026 માં યોજાશે:

| પ્રથમ રાઉન્ડ | બીજો રાઉન્ડ | ડેપો/ડિવિઝન | ઈનચાર્જ અધિકારી | સંપર્ક નંબર. |
|---|---|---|---|---|
| 02/06/2026 | 16/06/2026 | રતલામ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-રતલામ | 07412230080 09752492750 |
| 04/06/2026 | 18/06/2026 | વડોદરા | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-વડોદરા | 02652641592 09724091750 |
| 05/06/2026 | 19/06/2026 | અમદાવાદ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-અમદાવાદ | 07922205888 09724093750 |
| 05/06/2026 | 22/06/2026 | દાહોદ | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-દાહોદ | 02673241295 09724090455 |
| 08/06/2026 | 22/06/2026 | મુંબઈ સેન્ટ્રલ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-મુંબઈ | 022-23094142 09004499006 |
| 09/06/2026 | 23/06/2026 | પ્રતાપનગર | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-પ્રતાપનગર | 02652641592 09724091750 |
| 11/06/2026 | 24/06/2026 | રાજકોટ | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-રાજકોટ | 02812476943 09724094770 |
| 11/06/2026 | 24/06/2026 | સાબરમતી | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-સાબરમતી | 07927500080 09724093774 |
| 12/06/2026 | 25/06/2026 | મહાલક્ષ્મી | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-મહાલક્ષ્મી | 022-24929571 09004495750 |
| 12/06/2026 | 25/06/2026 | પારડી | ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર-MX | 022-24929571 09004495750 |
| 12/06/2026 | 25/06/2026 | ભાવનગર | સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર-ભાવનગર | 02782444360 09724097750 |

વિગતવાર માહિતી માટે કૃપા કરીને સંબંધિત ડેપો/વિભાગીય અધિકારીઓનો સંપર્ક કરો. નોંધ:-1. રેલ્વે ઈ-ઓક્શનમાંથી કોઈપણ લોટ ઉપાડવાનો અધિકાર અનામત રાખે છે. 2. ઈ-ઓક્શન નિર્ધારિત સમય મુજબ શરૂ થશે. 3. ઈ-ઓક્શન કેટલોગ www.ireps.gov.in ઈ-ઓક્શન પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. 4. ઈ-ઓક્શન, ડિજિટલ હસ્તાક્ષરો, નોંધણી પ્રક્રિયા અને ભાગીદારી અંગે કોઈપણ સહાયની જરૂર હોય તો, કૃપા કરીને ઉપરોક્ત ડેપો/વિભાગીય અધિકારીનો સંપર્ક કરો. 5. બધા ચુકવણી વ્યવહારો ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા કરવામાં આવશે.

(No.S/SIII/ઓક્શન કાર્યક્રમ-1/JUNE2026, તારીખ 21.05.2026) 0107

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે**

**CSMનું રિકન્ડિશનિંગ/ઓવરહોલિંગ**

ચીફ એન્જિનિયર, પશ્ચિમ રેલવે, ચર્ચગેટ ટેન્ડર નંબર: W641-2225-07 આમંત્રિત કરે છે. કામનું નામ: (i) CSM 09-3X/ HOT-3X ફોર સેટ ટેમ્પિંગનું રિકન્ડિશનિંગ/ઓવરહોલિંગ - પ્લાઝર મેક અથવા સમકક્ષનું યુનિટ. (ii) WR મેક-પ્લાઝર અથવા સમકક્ષના પ્લાઝર મેક DUO/CSM મશીનો માટે ટેમ્પિંગ યુનિટનું રિકન્ડિશનિંગ/ઓવરહોલિંગ. કામની અંદાજિત કિંમત: ₹12,43,14,586.00/-. EMD: ₹24,86,300/-. ઈ-ટેન્ડર બંધ કરવાની તારીખ અને સમય: તા. 01-06-2026 ના રોજ 11:00 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0110

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે-રતલામ**

**"ઈ-ટેન્ડર સૂચના"**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી કાર્યરત DRM (S&T) વર્ક્સ રતલામ નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવી રહ્યા છે: ટેન્ડર નંબર SnT_RTM_26_07_R_SIGNAL તારીખ 15.05.2026. કામનું નામ: નિમાચ-ચિત્તોડગઢ ડબલ લાઇન સેક્શન પર શંભુપુરા-ગંભીરી રોડ સ્ટેશનો વચ્ચે ઇન્ટરમીડિયેટ બ્લોક સિગ્નલિંગ (IBS) ની જોગવાઈ માટે બાકી રહેલા કામના સંદર્ભમાં S&T સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. ટેન્ડરની જાહેરાત કિંમત: ₹1,04,85,790.32/-. બિડ સુરક્ષા/કમાણી રકમ: ₹209,700.00/-. પૂર્ણતા સમયગાળો: 9 મહિના. બિડ બંધ કરવાનો સમય અને તારીખ: 08/06/2026 ના રોજ 15.00 કલાકે. બિડ ખોલવાનો સમય અને તારીખ: 08/06/2026 ના રોજ 15.30 કલાક પછી ટેન્ડરિંગ વિભાગ ઓફિસ ઇન્ચાર્જ અને બિડ ખોલવાનું સ્થળ: સિનિયર DSTE રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ઓનલાઈન ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર જોઈ શકાય છે અને ઓફર તે જ ઈ-ટેન્ડર પોર્ટલ પર સબમિટ કરવાની રહેશે. 0057

અમને લાઈક કરો: facebook.com/WesternRly

સિસ્ટમ પર થઈ રહ્યા છે સવાલો ત્યારે!!

# NEETના પેપર લીકના કારણે દેશના આશાસ્પદ યુવાનો આત્મહત્યાથી ટૂંકાવી રહ્યા છે જીવન?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશમાં આજે એવો સમય ચાલી રહ્યો છે કે "ભ્રષ્ટાચાર એ જ શિષ્ટાચાર" નું સૂત્ર હવે ભ્રષ્ટાચારીઓના કોઠે પડી ગયું છે. અને એને લઈ સામેના નું જે થવાનું હોય એ થાય મારૂ તરભાણું ભરાવું જોઈએ એવી મેલી મથરાવટીને કારણે શિક્ષણ જગતમાં ઉધઈની માફક ફેલાઈ રહેલા શિક્ષણ માફિયાઓ હવે આખે આખા પરીક્ષાના પેપરો જ હાઈજેક કરી લેતા દેશના લાખો યુવાનોની જિંદગીને જ બરબાદ કરી રહ્યા છે એમ કહેવું અતિશયોક્તિ ભરેલું તો નહીં જ કહેવાય. કારણ NEET-UG પરીક્ષા રદ થવાથી એના જે ગંભીર પરિણામો આવ્યા છે એને લઈ કેટલા યુવાનોએ કરેલી આત્મહત્યાઓએ શિક્ષણ જગતની સૌથી મોટી શરમજનક ઘટના કહેવાય અને છતાંય કોઈના પેટનું પાણી પણ ના હાલે એ આ દેશના બેશરમ રાજનેતાઓ માટે સૌથી મોટી બેશરમી સિવાય કંઈ નથી. જેવી NEET-2026 ની પરીક્ષા રદ થયાના સમાચારોના થોડા દિવસો પછી એટલે કે શુક્રવારે રાજસ્થાનના સીકરમાં ૨૩ વર્ષીય NEET ના ઉમેદવાર પ્રદીપ મહિચે સીકરના જલધારીનગર વિસ્તારમાં પિપરાલી રોડ પર તેના ભાડાના મકાનમાં છતના પંખાથી લટકીને આત્મહત્યા કરી હતી. મૂળ ઝુન ઝુન જિલ્લાના એક ગામનો રહેવાસી, પ્રદીપ છેલ્લા ત્રણ વર્ષથી સીકરમાં NEETની તૈયારી કરી રહ્યો હતો.જેનો હવે અંત આવ્યો હતો. અન્ય કિસ્સામાં લખીમપુર ખેરીના ૨૧ વર્ષીય વિદ્યાર્થી રિતિક મિશ્રાએ ગુરુવારે કથિત રીતે આત્મહત્યા કરી હતી, તેમના પરિવારે જણાવ્યુ હતું કે પેપર લીક થવાના કારણે NEET-UG પરીક્ષા રદ થવાથી તે દુ:ખી હતો અને અંતે જીવન ટૂંકાવી દીધુ. આમ પરીક્ષાની ગેરરીતિઓના કારણે દેશનું આશાસ્પદ યુવાધન પોતાનું જીવન ટૂંકાવી રહ્યું હોવા છતાં સરકારી તંત્ર દરેક સમયે તપાસમાં નિષ્ફળ જ રહેતું હોવાથી "વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૬ સુધીમાં ૧૪૮ પેપર કૌભાંડો થયા અને ૮૭ પરીક્ષાઓ રદ કરવામાં આવી અને નવ કરોડ બાળકોના ભવિષ્યને અસર થઈ." જ્યારે ૧૪૮ કૌભાંડો માંથી ફક્ત ૧ માં સજા થઈ. CBI એ ૧૭ કેસ લીધા, ED એ ૧૧ કેસ કર્યા કોઈને સજા થઈ નહીં કે કોઈ જવાબદાર મંત્રીએ રાજીનામું આપી ઈમાનદારી બતાવી હોય? મેરા ભારત મહાન.

પોલીસની નિષ્ક્રિયતાને "પાપે" ૮ નરાધમોના

# "ગેંગ રેપ" નો ભોગ બનેલી જોધપુરની બે બહેનોએ કરી આત્મહત્યા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણે રૂપાળા સુત્રો દ્વારા મહિલાઓની સુરક્ષાઓની અખબારોની જાહેરાતોમાં માત્ર વાતો જ કરીએ ત્યારે દેશની વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર બતાવી રહી છે. હાલની જો વાસ્તવિક પરિસ્થિતિ જોવા જઈએ તો રોજે રોજ મહિલાઓ ઉપર બળાત્કારો, છેડતી, મહિલાઓને સળગાવી દેવી, માર મારવો અને એમના વિશે ભદ્દા મેસેજ મુકવા વિગેરે વિગેરે સામાન્ય બની રહ્યા છે. ત્યારે એટલું જ નહીં પરંતુ આવી ગંભીર ઘટના પછી પણ પોલીસ જ્યારે મહિલાઓના કેસમાં ઉદાસીન અને નિષ્ક્રિય રહેતી હોય ત્યારે મહિલાઓને મરવા મજબુર થવું પડતું હોય છે.

અહીં વાત છે રાજસ્થાનના જોધપુરના એક ગામમાં ૮ નરાધમોના કથિત ગેંગરેપનો ભોગ બનેલી એક મહિલાએ ગેંગરેપને કારણે આત્મહત્યા કરીને મોતને વ્હાલું કર્યું હતું. અને આ મહિલાના મૃત્યુ બાદ બે મહિના પછી શુક્રવારે તેની બહેનને પણ આત્મહત્યા કરવાનું પગલું ભરવાની ફરજ પડી હતી. આ ગંભીર ઘટના અંગે મરનાર બંને બહેનોના પરિવારે આરોપ લગાવ્યો હતો કે, પોલીસની નિષ્ક્રિયતાને કારણે તેમણે બીજી પુત્રી ગુમાવવાનો વારો આવ્યો છે. આ બાબતે ૧૧ એપ્રિલના રોજ દાખલ કરાયેલી પોલીસ ફરિયાદમાં મહિલાએ આરોપ લગાવ્યો હતો કે, મહિપાલ નામના એક સેવા કેન્દ્ર સંચાલક દ્વારા તેની મોટી બહેન પર અન્યાય કરી ગુપ્ત રીતે તેના અશ્લીલ વિડીયો બનાવ્યા હતા. ફરિયાદમાં કુલ આઠ આરોપીઓના નામ આપવામાં આવ્યા હતા. જેમણે વર્ષો સુધી ધમકીઓ આપીને મોટી બહેન પર કથિત રીતે ગેંગરેપ કર્યો હતો.

જ્યારે NDTV ના અહેવાલ મુજબ બીજી બહેને ફરિયાદમાં કહ્યું હતું કે તેઓએ માત્ર તેની બહેન પર જાતીય હુમલો જ નહીં પરંતુ તેની બહેન પાસેથી પૈસા પણ પડાવી લીધા હતા. આથી વ્યથિત થઈને તેણીએ ૨૦મી માર્ચે આત્મહત્યા કરીને મૃત્યુ પામી. ફરિયાદના આધારે FIR નોંધવામાં આવી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હતી. અને ત્યારબાદ આરોપીઓએ નાની બહેનને નિશાન બનાવવાનું શરૂ કર્યું પોલીસ દ્વારા રક્ષણ કે કોઈ કાર્યવાહી ન મળતા નાની બહેન શુક્રવારે ટાંકી ઉપર ચઢી ગઈ અને ઝેર પી લીધું. ઘટના બાદ જોધપુર પોલીસે જણાવ્યું હતું કે, મહિપાલ અને અન્ય એક આરોપીની અટકાયત કરવામાં આવી છે.

# ગુજરાતમાં વાવ-થરાદ જિલ્લો નવો અસ્તિત્વમાં આવ્યો પરંતુ વાવ-થરાદ જિલ્લામાં બદલી માંગનાર પોલીસકર્મીઓ સાથે કેમ અન્યાય?

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા વાવ-થરાદ જિલ્લાને નવુ અસ્તિત્વ આપી જિલ્લામાં વડી કચેરીઓ ધમધમતી કરી છે. જેનો જશ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી લઈ રહ્યા છે.

પરંતુ નવાઈની વાત એ છે કે નવો અસ્તિત્વમાં આવેલ વાવ-થરાદ જિલ્લાના કેટલાક પોલીસકર્મીઓ વરસોથી અમદાવાદ, સુરત, ભરૂચ, રાજકોટ સહિતના જિલ્લાઓમાં સેવા બજાવી રહ્યા છે. આ પોલીસકર્મીઓના પરીવારજનો છેલ્લા કેટલાય વરસોથી પોતાના વ્હાલસોયા લાડકવાયા દિકરાને જિલ્લામાં બદલીથી લાવવા માટે મંત્રીઓથી લગાડી ધારાસભ્યોની ભલામણો કરાવી કંટાળી ગયા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ નવનિયુકત પોલીસકર્મીઓમાં જોડાનાર લોકરક્ષકદળ ના જવાનોને નિમણુંક પત્ર આપતી વખતે પોલીસકર્મીઓ પોતાના જિલ્લામાં પ્રથમ ફરજ બજાવવા સાથેના નિમણુંકપત્રો આપવામાં આવ્યા હતા. વાવ-થરાદ જિલ્લાના પોલીસકર્મીઓ વરસોથી રાજયના ખુણે ખુણે ફરજ બજાવી રહ્યા છે. આ પોલીસકર્મીઓ સાથે ગૃહ વિભાગ દ્વારા કેમ ઓરમાયુ




વર્તન દાખવવામાં આવી રહ્યુ છે. તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. આ વાવ-થરાદ જિલ્લાના વતની એવા પોલીસ જવાનો છેલ્લા કેટલાય વરસોથી માદરે વતન આવવા માટે બદલીથી માંગણી કરી રહ્યા છે. તેમ છતાં નાયબ મુખ્યમંત્રી દ્વારા માનવીય અભિગમ કેમ અપનાવવામાં આવતો નથી તે એક મોટો સવાલ પોલીસકર્મીઓના પરીવારજનોમાં ઉઠી રહ્યો છે.

આ અંગે રાજયના ડીજીપી કે એલ એન રાવ ને પુછવામાં આવતા તેઓશ્રીએ જણાવ્યુ હતુ કે પોલીસકર્મીઓની બદલી માટે કમિટી બેસાડવામાં આવનાર છે આ કમિટીમાં નિર્ણય લેવાશે, કમિટી કયારે બેસશે તે અંગેના સવાલના જવાબમાં ડીજીપીએ કહ્યુ હતુ કે પોલીસ મહાનિરીક્ષક એડમીન દ્વારા નિર્ણય લેવામાં આવે છે. પોલીસકર્મીઓની બદલી માટે કમિટી બેસાડવાનો નિર્ણય ડીજીપી દ્વારા લેવામાં આવતો હોય છે તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે કમિટી બેસાડવાની જવાબદારી પોલીસ મહાનિરીક્ષક એડમીન પાસે હોવાનુ કહેવામાં આવતા ચર્ચાનો વિષય બનેલ છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ પૂર્વ ડીજીપી ની નિવૃત્તિ બાદ હજુ સુધી કમિટી બેસાડવામાં આવી નથી. જેને લઈ જિલ્લા ફેરબદલી માંગનાર પોલીસકર્મીઓમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.

# જુનાગઢ ભાજપમાં આંતરીક ભડકોઃ ભાજપના ધારાસભ્યએ જ મનપાના ભ્રષ્ટાચાર સામે ખોલ્યો મોરચો

પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢ ભાજપમાં આંતરીક ભડકો બહાર આવ્યો છે. ભાજપના જ ધારાસભ્ય સંજય કોરડીયાએ મહાનગરપાલિકાના ભ્રષ્ટ વહિવટ સામે મોરચો ખોલ્યો છે. કમિશ્નરને લખેલા પત્રમાં તેમણે રોડના કામોમાં મોટા કૌભાંડોના આક્ષેપો કર્યા છે. કોરડીયાના જણાવ્યા મુજબ નકશા અને પ્લાન એસ્ટીમેટ વગર જ કરોડોના ટેન્ડર પાસ કરવામાં આવ્યા છે. જુનાગઢ શહેરમાં અનેક સ્થળોએ રોડ ખોદીને કામ અધુરુ મુકાતા જનતા ખાડારાજ થી પરેશાન બની છે.




અધિકારીઓ અને કોન્ટ્રાકટરો વચ્ચે મીલીભગત હોવાના પણ ગંભીર આક્ષેપ કરાયા છે. અયોગ્ય એજન્સીને બ્લેકલીસ્ટ કરવાની માંગ સાથે ભાજપના કોર્પોરેટરોમાં પણ અસંતોષ ફાટી નિકળ્યો છે.

# રાજકોટ સોની બજારના વેપારીઓને બોણીના પણ ફાંફાં: ૭૦ ટકા કારીગરો વતનમાં રવાના

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ઈરાન યુદ્ધના કારણે સોના ચાંદીના ભાવો ભડકે બળી રહ્યા છે અને તેને કારણે શહેરની સોની બજારમાં મંદી પ્રવર્તી રહી છે. રાજકોટના સોની બજારમાં વેપારીઓને સવારમાં બોણીના પણ ફાંફાં પડી રહ્યા છે અને સોનાના દાગીના બનાવનાર બંગાળના કારીગરોએ વતનની વાટ પકડી છે. જો આવીને આવી પરિસ્થિતિ રહેશે તો કેટલીય દુકાનોના શટરો પડી જવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. રાજકોટ ગોલ્ડ ડીલર્સ એસોસીએશનના પ્રમુખ ભાયાભાઈ સાહોલીયાએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે રાજકોટ સોની બજારમાં અંદાજે નાની મોટી ૧૦ થી ૧૨ હજાર જેટલી દુકાનો આવેલી છે અને પેલેસ રોડ, સોની બજાર, યુનિ. રોડ અને મવડી રોડ જેવા વિસ્તારોમાં આશરે ૮૦૦ થી ૧૦૦૦ જેટલા સોના ચાંદીના દાગીનાના શો-રૂમ આવેલા છે. પણ હાલ ભાવની ઉથલ પાથલ અને બાદમાં સોનાના દાગીના નહી ખરીદવાની અપીલના પગલે આ શો-રૂમના માલીકો, સેલ્સમેનો નવરાધુપ થઈ ગયા છે, મોટા મોટા શો-રૂમ ધરાવનાર માલીકોને સ્ટાફ તથા અન્ય ખર્ચાઓ કાઢવા માટે ભારે મુશ્કેલી સર્જાઈ છે અને સમય જતાં વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે તેવા સંકેત મળી રહ્યા છે. સોની બજાર ઉપરાંત શો-રૂમોમાં પણ મોટી ખરીદીની લાંબા સમયથી બ્રેક લાગી ગઈ છે. રાજકોટ માં સોનાના દાગીના બનાવનાર મોટા ભાગના બંગાળના કારીગરો કાર્યરત હતા અને તેની સંખ્યા અંદાજે ૧ થી ૧.૫૦ લાખ જેટલી હતી.



તેમાંથી ૭૦ ટકા કારીગરો રાજકોટ છોડી વતન બંગાળ તરફ ચાલ્યા ગયા છે. કારણ કે દાગીનાનુ કામ હાલ ૭૦ ટકા થી વધુ ઘટી ગયુ છે. એટલે કે કારીગરોને કામ પુરતા પ્રમાણમાં મળતુ નથી, તેથી તેઓને ખર્ચા, ભાડા વિગેરે કાઢવા માટે અત્યંત કઠીન થયુ છે. આવી સ્થિતિમાં રાજકોટમાં રહેવુ પરવડી શકે તેમ નથી. આથી મોટાભાગના કારીગરો બંગાળ તરફ ચાલ્યા ગયા છે.

# ગુજરાતના શિક્ષણની મોડલની ખુલી પોલઃ રાજયની ૨૯૩૬ શાળાઓ માત્ર ૧ શિક્ષકના ભરોસે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા અંગે નીતિ આયોગનો એક ચોંકાવનારો અહેવાલ બહાર આવ્યો છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રકાશિત આ અહેવાલ રાજયની સરકારી શાળાઓની નિરાશાજનક તસ્વીર ઉજાગર કરે છે.




અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૯૩૬ શાળાઓ ફકત એક જ શિક્ષકના ભરોસે ચાલી રહી છે. આ શાળાઓમાં કુલ ૧૦૫.૧૩૪ બાળકો અભ્યાસ કરે છે, જે શિક્ષણની ગુણવત્તા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

રીપોર્ટમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યુ છે કે રાજયની શિક્ષણ વ્યવસ્થા સંપૂર્ણપણે અસંતુલિત દેખાય છે. ૬૩ શાળાઓ એવી છે જયાં આ વરસે એકપણ બાળક નોંધાયુ નથી, જયારે ૭૮ અન્ય શાળાઓમાં વિદ્યાર્થીઓ ન હોવા છતાં શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે. આ આંકડા શિક્ષણ વિભાગમાં વહિવટી વિસંગતતાઓને ઉજાગર કરે છે. નીતિ આયોગના અહેવાલ મુજબ ગુજરાતમાં વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર પણ ચિંતાનો વિષય છે. પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં દર ૨૪ વિદ્યાર્થીઓ માટે ૧ શિક્ષક, માધ્યમિક શાળાઓમાં દર ૨૭ વિદ્યાર્થીઓ માટે ૧ શિક્ષક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં દર ૨૫ વિદ્યાર્થીઓ માટે ૧ શિક્ષકનો રેકોર્ડ થયેલ ગુણોત્તર છે. અહેવાલમાં જણાવાયુ છે કે રૂપીયા ૬૩,૧૩૪ કરોડના શિક્ષણ બજેટ અને સરકારના મોટાપાયે પ્રવેશોત્સવ અભિયાનો છતાં રાજયની શિક્ષણ પ્રણાલી સંતુલન પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગઈ છે. દર વરસે મંત્રીઓ અને અધિકારીઓ શાળા નોંધણીને પ્રોત્સાહન આપવા માટે પ્રવેશોત્સવ દ્વારા ઝુંબેશ ચલાવે છે. જો કે જમીન પર પરિસ્થિતિ ગંભીર છે.

સૌથી મોટી ચિંતા આ એકલ શિક્ષક શાળાઓ પર કેન્દ્રીત છે. જયાં એકલા શિક્ષકને બહુવિધ વર્ગો અને વિષયોની જવાબદારી ઉપાડવાની ફરજ પાડવામાં આવે છે. શિક્ષણ નિષ્ણાંતો માને છે કે આ બાળકોના શિક્ષણની ગુણવત્તા પર પ્રતિકુળ અસર પડે છે અને ગ્રામિણ વિસ્તારોમાં શિક્ષણનુ સ્તર સતત બગડી રહ્યુ છે. નીતિ આયોગના આ અહેવાલે ગુજરાતમાં વિપક્ષને સરકારને ઘેરવાની વધુ એક તક પુરી પાડે છે. પરીણામે સમગ્ર વિપક્ષ હાલમાં આ મુદ્દા પર વહિવટ પર આક્રમક હુમલાઓ શરૂ કરી રહ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે પ્રર્વતમાન પરિસ્થિતિ હોવા છતાં ગુજરાત સરકારે ૫ હજાર થી વધુ શાળાઓ બંધ કરવાની યોજના બનાવી રહી છે. આ સંદર્ભમાં નીતિ આયોગના આ અહેવાલને ગુજરાત સરકાર માટે એક મોટી ચેતવણી તરીકે જોવામાં આવી રહી છે. કારણ કે લાખો બાળકોનુ ભવિષ્ય પુરતા શિક્ષકો અને સંશાધનો વિના આગળ વધી રહ્યુ છે.

# ભુપેન્દ્ર પટેલની સરકારના એક નિર્ણયથી ગુજરાતની જનતા પર રૂ.૬ હજાર કરોડનો બોજો આવશેઃ શકિતસિંહ ગોહિલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત કેબિનેટમાં ખાનગી કંપની પાસેથી વિજળી ખરીદીના બેઝ રેટ માં વધારાને લઈને ચર્ચા વચ્ચે, રાજય સભાના સાંસદ અને ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલે રાજય સરકાર પર ખુબ જ ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે દાવો કર્યો છે કે જો સરકાર વિજળી ખરીદીના બેઝ રેટમાં વધારો મંજુર કરશે તો ગુજરાતની જનતા પર અંદાજે ૬ હજાર કરોડ રૂપીયાનો વધારાનો આર્થિક બોજ પડશે.




શકિતસિંહ ગોહિલે એવો દાવો કર્યો છે કે મળેલી માહિતીના આધારે રાજય સરકારને અપીલ કરતા જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી અને કેબિનેટ કોઈ એવો નિર્ણય ન લે જેનાથી સામાન્ય જનતા પર આ મોંઘવારીના સમયમાં ભારણ વધે, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સરકારના ઉર્જા વિભાગ તરફથી પણ ખાનગી કંપની જે બેઝ રેટ માંગે છે તે સ્વીકારવો યોગ્ય નહી હોવાનુ કહેવામાં આવ્યુ છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે જો ખાનગી કંપનીને માંગ્યા મુજબનો બેઝ રેટ આપવામાં આવશે તો તેની સીધી અસર વિજળીના ખર્ચ પર પડશે અને આખરે તેનો બોજ સામાન્ય લોકો પર આવશે, ગોહિલના જણાવ્યા મુજબ સરકાર આ મામલે સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જજ ના અભિપ્રાયના આધારે નિર્ણય લેવાની તૈયારીમાં છે. કોંગ્રેસ નેતાએ આક્ષેપ કર્યો હતો કે સરકાર ખાનગી કંપનીને ફાયદો પહોચાડે તેવો નિર્ણય લઈ શકે છે,

તેમણે મુખ્યમંત્રીને ખુલ્લેઆમ કેમેરા સામે આવીને એવી સ્પષ્ટતા કરે કે, ગુજરાત સરકાર હાલ વિજળી કંપનીઓના બેઝ રેટ વધારવા અંગેનો કોઈ નિર્ણય લેવા જઈ રહી નથી, હવે આ મુદ્દે રાજયની રાજનીતી ગરમાઈ છે અને કેબિનેટ બેઠકના સત્તાવાર બ્રિફીંગ પર સૌની નજર ટકેલી છે કે તેમાં કેવી સ્પષ્ટતા કરવામાં આવે છે.

# સુરતમાં ભાજપના યુવા નેતાની જાહેરમાં હત્યા : જય દલાલ ભાજપના ડીંડોલી વોર્ડ યુવા મોરચાના ઉપપ્રમુખ હતા

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરના ઉધના રોડ નંબર ૬ વિસ્તારમાં ભાજપ સાથે સંકળાયેલા યુવા કાર્યકર જય દલાલ ની જાહેરમાં તીક્ષ્ણ હથિયારો વડે હત્યા કરવામાં આવતા શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

જય દલાલ ભાજપના ડીંડોલી વોર્ડ યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે સક્રિય હતા અને ધારાસભ્ય સંગીતાબેન પાટીલના નજીકના કાર્યકર ગણાતા હતા. મમ્મી, હું મોડો આવવાનો છું,

મૃતકની માતા જયશ્રીબેન દલાલે રડતા રડતા જણાવ્યુ હતું કે મારો દિકરો રાત્રે ઘરે હતો, મિત્રનો ફોન આવતા તેણે કહ્યુ કે મમ્મી, હું મોડો આવવાનો છું, જમવાનુ નહી



કરૂ, ત્યારબાદ મધરાતે ફોન આવ્યો કે જય પર હુમલો થયો છે અને તેને હોસ્પિટલ ખસેડાયો છે. માતાના જણાવ્યા મુજબ હોસ્પિટલ પહોચ્યા બાદ જય માત્ર મમ્મી ને ફોન કરો એટલુ જ કહી શકયો હતો, પરીવારે મિલીન ચકલી અને પંકજ પાટીલ સહિત ૩ લોકો પર હત્યાનો આરોપ લગાવ્યો છે. માતાએ દાવો કર્યો છે કે આરોપીઓ અગાઉ પણ ગુન્હાહીત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા અને તાજેતરમાં જ જેલમાંથી બહાર આવ્યા હતા. તેમણે આરોપીઓને કડકમાં કડક સજા, ફાંસીની સજા આપવાની માંગ કરી છે. ઘટનાને પગલે સુરત પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી લેવા માટે તાત્કાલીક તપાસ શરૂ કરવામાં આવી છે.

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાને લઈ લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરત શહેર એ નાયબ મુખ્યમંત્રીનુ કહેવા છતાં શહેરમાં કાયદો અને વ્યવસ્થા કથળી છે તેનો લઈ સવાલો ઉઠી રહ્યા છે.

# ગુજરાતમાં આઈપીએસ અધિકારીઓની મોટા પાયે બદલીની તૈયારીઃ આઈપીએસ બદલીઓ બાદ પોલીસકર્મીઓની બદલીનો તખ્તો તૈયાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ટુંક સમયમાં પોલીસ વિભાગમાં મોટા પાયે ફેરબદલી થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. રાજય સરકાર દ્વારા સીનીયર આઈપીએસ અધિકારીઓની કામગીરી અને હાલની ખાલી જગ્યાઓને ધ્યાનમાં રાખીને નવી બદલી પ્રક્રિયા હાથ ધરાઈ શકે છે. પોલીસ વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ કે આઈપીએસ અધિકારીઓની બદલીઓ બાદ પોલીસ કર્મીઓની આંતર જિલ્લા ફેરબદલીનુ લાંબુ લીસ્ટ બહાર આવી




શકે છે.

મળતી માહિતી મુજબ કેટલાક શહેરોમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ પૂર્ણ થયા બાદ હવે પ્રશાસનિક ફેરફારોને ગતિ આપવામાં આવી રહી છે. સુરક્ષા વ્યવસ્થા વધુ મજબુત બને અને કાયદો વ્યવસ્થા અસરકારક રીતે જળવાઈ રહે તે માટે અનુભવી અધિકારીઓને મહત્વપૂર્ણ પોસ્ટીંગ આપવામાં આવે તેવી શકયતા છે. રાજયના અનેક પોલીસ કમિશ્નર રેટ અને જિલ્લા પોલીસ તંત્રમાં લાંબા સમયથી ફરજ બજાવતા અધિકારીઓની બદલી થવાની સંભાવના છે. સાથે જ કેટલાક આઈપીએસ અધિકારીઓને પ્રમોશન બાદ નવી જવાબદારીઓ પણ સોંપાઈ શકે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ચાલુ મહિનાના અંત સુધીમાં સરકાર દ્વારા સત્તાવાર ટ્રાન્સફર ઓર્ડર જાહેર કરવામાં આવી શકે છે.

આ બદલીઓમાં કાયદો વ્યવસ્થા, ક્રાઈમ કંટ્રોલ અને પ્રશાસનિક કાર્યક્ષમતાને મુખ્ય આધાર બનાવવામાં આવશે. રાજકોટ, અમદાવાદ, વડોદરા અને સુરત જેવા શહેરોમાં નવા અધિકારીઓની નિમણુંકને લઈને પોલીસ વિભાગમાં ચર્ચાઓ તેજ બની છે. જો કે સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.